# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧
૦૨૬૧-૨૬૬૨૯૦૨/૦૩ :- suratdeo@gmail.com
web :-www.suratdeo.org

જા. નં./મા-૨/સાયબર/૨૦૨૪/ ૧૩૩૯૬ તા.૦૬/૦૯/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
એસ.વી.એસ. ૧ થી ૯ (માત્ર સુરત શહેરની શાળાઓ),
પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ,
સુરત શહેર, સુરત.

**વિષયઃ- સાયબર ક્રાઇમ અવેરનેસ કાર્યક્રમ સાયબર સંજીવની અંતર્ગત ડ્રોઈંગ સ્પર્ધાનુ આયોજન કરવા બાબત.**

સંદર્ભઃ- મદદનીશ પોલીસ કમિશનરની કચેરી સાયબ ક્રાઇમ સેલ,સુરત શહેરના પત્ર ક્રમાંક/સાયબર/ડ્રોઈંગ સ્પર્ધા/૫૭૩/૨૦૨૪ તા.૦૪/૦૯/૨૦૨૪ના

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે સુરતના શહેરીજનો સાયબર ક્રાઇમનો ભોગ ન બને અને સાયબર ક્રાઇમથી બચવા અંગેની વિસ્તૃત સમજ અને માહિતી મળી રહે તે હેતુથી સુરત શહેર પોલીસ દ્વારા શાળાના બાળકો થકી નાગરિકોમાં જાગૃતતા લાવવા માટે **"સાયબર સંજીવની-૩.૦" સાયબર અવેરનેસ અભિયાન તા.૦૮/૦૯/૨૦૨૪ ના રોજથી માનનીય મંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી (રાજ્યકક્ષાના મંત્રીશ્રી ગૃહ, રમત-ગમત, ઉદ્યોગ, વાહન વ્યવહાર ગુજરાત રાજ્ય)ના વરદ હસ્તે ઉદઘાટન કરવામાં આવનાર છે.** તે અંતર્ગત "સાયબર મિત્ર" સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. જે અંગેની વિગતવાર સૂચનાઓ આ સાથે સામેલ છે. તમામ શાળાઓએ વધુમાં વધુ વિદ્યાર્થીઓ આ સ્પર્ધામાં ભાગ લે એવું આયોજન કરવું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણ:- ઉપર મુજબ

CamScanner

ક્રમાંક:સાયબર/ડ્રોઈંગ સ્પર્ધા/[illegible]/૨૦૨૪
મદદનીશ પોલીસ કમિશ્નરની કચેરી
સાયબર ક્રાઈમ સેલ, સુરત શહેર
તા. ૦૪/૦૯/૨૦૨૪

પ્રતિ,
જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી
જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ
સુરત.

વિષય: સાયબર ક્રાઈમ અવેરનેસ કાર્યક્રમ સાયબર સંજીવની અંતર્ગત ડ્રોઈંગ સ્પર્ધાનું આયોજન કરવા બાબત

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સુરતના શહેરીજનો સાયબર ક્રાઈમનો ભોગ ન બને અને તેઓને સાયબર ક્રાઈમથી બચવા અંગેની વિસ્તૃત સમજ અને માહિતી મળી રહે તે હેતુથી સુરત શહેર પોલીસ દ્વારા નાગરિકોમાં જાગૃતતા લાવવા માટે **"સાયબર સંજીવની-૩.૦" સાયબર અવેરનેસ અભિયાન તા.૦૮/૦૯/૨૦૨૪ના રોજથી માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી ગૃહના વરદ્ હસ્તે ઉદઘાટન કરવામાં આવનાર છે.**

સાયબર સંજીવની-૩.૦" સાયબર અવેરનેસ અભિયાન અંતર્ગત "સાયબર ચિત્ર" નામે ચિત્ર સ્પર્ધાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે જેનો ઉદ્દેશ્ય સર્જનાત્મકતાને પ્રોત્સાહિત કરવાનો અને સુરત શહેરના વિદ્યાર્થીઓમાં સાયબર સલામતી અને ડિજિટલ સાક્ષરતા વિશે જાગૃતિ લાવવાનો છે.

આજના ડિજિટલ યુગમાં, વિદ્યાર્થીઓ માટે સુરક્ષિત ઓનલાઈન વર્તણૂકનું મહત્વ સમજવું મહત્વપૂર્ણ છે. આ સ્પર્ધા માત્ર તેમની કલાત્મક કૌશલ્યને જ નહીં પરંતુ જવાબદાર ઈન્ટરનેટ વપરાશ વિશે મૂલ્યવાન જ્ઞાન પણ પ્રદાન કરશે.

અમારું માનવું છે કે આ સ્પર્ધા થકી વિદ્યાર્થીઓને ડિજિટલ વિશ્વ અને તેના પડકારો વિશે વધુ જાગૃત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું બની શકે છે. જેથી આ ઈવેન્ટનું આયોજન કરવા માટે આપના સહયોગ અને માર્ગદર્શન હેઠળ સુરત શહેરની તમામ શાળાઓને આ **સાયબર ચિત્ર સ્પર્ધામાં** ભાગ લેવા માટે યોગ્ય આદેશ થવા વિનંતી છે.

**સાયબર ચિત્ર સ્પર્ધા** કાર્યક્રમની રૂપરેખા આપના સુલભ સંદર્ભ અર્થે આ સાથે સામેલ છે.

(એસ.ઈ. ડેન્ચલ્સ)
મદદનીશ પોલીસ કમિશનર, સાયબર ક્રાઈમ
સુરત શહેર

5349

CamScanner

# સાયબર ચિત્ર સ્પર્ધાની રૂપરેખા

**૧. પાત્રતા (Eligibility) કેટેગરી**

**કેટેગરી-૧** :- ધોરણ 7 થી 8 ના વિદ્યાર્થીઓ

**કેટેગરી-૨** :- ધોરણ 9 થી 10 ના વિદ્યાર્થીઓ

**કેટેગરી-૩** :- ધોરણ 11 થી 12 ના વિદ્યાર્થીઓ

**૨.વિષય(Topics) "સાયબર સલામતી અને ડિજિટલ સાક્ષરતા" થીમ**

**નાણાકીય છેતરપિંડી**

૧ .OTP, CVV, PIN ફ્રોડ

૨. KYC ફ્રોડ

3. ડિજિટલ એરેસ્ટ

૪. ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ વગેરે

**સોશિયલ મીડિયા**

૧. ફેક પ્રોફાઈલ

૨. ઓળખની ચોરી

3. સાયબર બુલીંગ

૪. સાયબર સ્ટોકીંગ વગેરે

ફિશિંગ, હેકીંગ, ઓનલાઈન સલામતી, ડેટાની સુરક્ષા, સાયબર સલામત પર્યાવરણ, ડિજિટલ વર્લ્ડ (ઇન્ટરનેટ અને કમ્પ્યુટર ટેકનોલોજી)

**૩. માર્ગદર્શિકા:**

- સાયબર ચિત્ર સ્પર્ધા ત્રણ રાઉન્ડમાં યોજવામાં આવશે.
  1. શાળા કક્ષાએ (પ્રથમ)
  2. QDC કક્ષાએ (દ્વિતીય)
  3. જિલ્લા કક્ષાએ (તૃતીય)
- શાળા કક્ષાએ ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓનું સાયબર સંજીવનીની વેબસાઇટ **www.cybersanjivani.org** પર સૌપ્રથમ રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.
- પ્રથમ રાઉન્ડમાં સુરત શહેરની તમામ શાળાના વિદ્યાર્થીઓ શાળા કક્ષાએ ભાગ લેશે.
- પ્રથમ રાઉન્ડમાં નિર્ણાયક નક્કી કરવાની જવાબદારી શાળાના આચાર્યશ્રીની રહેશે.
- શાળા કક્ષાએ કેટેગરી-૧ , ૨ અને ૩ માં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ કૂલ ત્રણ (૩) વિધાર્થીઓ QDC કક્ષાએ (દ્વિતીય રાઉન્ડ) ભાગ લેશે.
- QDC કક્ષાના દ્વિતીય રાઉન્ડમાં નિર્ણાયક નક્કી કરવાની જવાબદારી SVS શાળાના આચાર્યશ્રીની રહેશે.
- QDC કક્ષાના દ્વિતીય રાઉન્ડમાં કેટેગરી-૧ , ૨ અને ૩ માં પ્રથમ સ્થાન મેળવનાર ત્રણ (૩) વિધાર્થીઓ જિલ્લા કક્ષાએ ભાગ લેશે.
- સ્પર્ધકોએ સાયબર સલામતી અને ડિજિટલ સાક્ષરતાની થીમને પ્રતિબિંબિત કરતી આર્ટવર્ક બનાવવી જોઇશે.
- આર્ટવર્ક કોઇપણ માધ્યમમાં હોઈ શકે છે (દા.ત., પેન્સિલ, ક્રેયોન, વોટરકલર વગેરે).
- ડ્રોઇંગનું કદ A3 સાઈઝ, (સમય : ૨ (બે) કલાક)
- દરેક સ્પર્ધક માત્ર એક જ એન્ટ્રી સબમિટ કરી શકે છે.

CS CamScanner

- તમામ સબમિશનમાં આર્ટવર્કની પાછળના ભાગમાં સહભાગીનું નામ, વર્ગ અને શાળાનું નામ, સરનામું, શાળાના આચાર્યનું નામ અને મોબાઇલ નંબર લખવા.
- તમામ શાળાઓએ શાળા કક્ષાએ/QDC કક્ષાના પ્રથમ 3 વિજેતાઓના ડ્રોઇંગ સ્કેન કરીને સાયબર સંજીવનીની વેબસાઇટ **www.cybersanjivani.org** પર JPEG, JPG, PNG અથવા PDF ફોર્મેટમાં વેબ પોર્ટલ પર અપલોડ કરવાની રહેશે.
- ડ્રોઇંગની અપલોડ સાઇઝ 3 MB કરતા ઓછી હોવી જોઇએ.

**4.નિર્ણાયક માપદંડ**

- મૂલ્યાંકન : સાયબર સુરક્ષા વિષયોની સમજ, સર્જનાત્મકતા, થીમ સાથે સુસંગતતા, સ્લોગન/ટેગલાઇનના સ્વરૂપમાં તકનીકી વર્ણન પર આધારિત હશે.

**5.જિલ્લા કક્ષાએ વિજેતા થનાર વિદ્યાર્થીઓને મળવાપાત્ર ઇનામો અને પ્રમાણપત્ર**

- **કેટેગરી-૧ :- ધોરણ 7 થી 8 ના વિદ્યાર્થીઓ**

1. First Prize : 1500 + Certificate
2. Second Prize : 1000 + Certificate
3. Third Prize : 750 + Certificate

- **કેટેગરી-૨ :- ધોરણ 9 થી 10 ના વિદ્યાર્થીઓ**

1. First Prize : 3000 + Certificate
2. Second Prize : 2000 + Certificate
3. Third Prize : 1000 + Certificate

- **કેટેગરી-૩ :- ધોરણ 11 થી 12 ના વિદ્યાર્થીઓ**

1. First Prize : 5000 + Certificate
2. Second Prize : 3000 + Certificate
3. Third Prize : 1500 + Certificate

- તમામ સ્પર્ધકોને પ્રમાણપત્ર પોલીસ કમિશ્નરશ્રી સુરત શહેર દ્વારા ઇશ્યુ કરવામાં આવશે.

**૬. Judges:**

- શાળા કક્ષાની સ્પર્ધા માટે શાળાઓ ખાતે ઉપલબ્ધ આર્ટ શિક્ષક અથવા વિષય વસ્તુના નિષ્ણાત વ્યક્તિ.
- QDC કક્ષાએ સ્પર્ધા માટે એસ.વી.એસ. કન્વીનરે બીટના મદદનિશ શિક્ષણ નિરીક્ષક સાથે પરામર્શ કરીને નિર્ણાયકોની પસંદગી કરવાની રહેશે.
- ફાઇનલ સ્પર્ધા માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા નિમવામાં આવે તેવા પ્રતિનિધિ.

**૭. સ્પર્ધાની સમય મર્યાદા**

1. શાળાકક્ષાએ યોજવાની સ્પર્ધાનો સમયગાળો: તા.૨૫/૧૦/૨૦૨૪
2. QDC કક્ષાએ યોજવાની સ્પર્ધાનો સમયગાળો: ૨૨/૧૧/૨૦૨૪

**૮. ઇનામ વિતરણ સમારોહ**

ડિસેમ્બર-૨૦૨૪માં માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી(ગૃહ)ના વરદ હસ્તે એનાયત કરવામાં આવશે, જે અંગેની તારીખ હવે પછી જણાવવામાં આવશે.

**જિલ્લા શિક્ષણાધિકારી**
**સુરત, જિલ્લો-સુરત**

CS CamScanner